# મારે કેટલાં ફર્સ્ટ એઈડરો (પ્રાથમિક સારવાર કરનારાં લોકો) રાખવાની જરૂર છે? (How many first aiders do I require?)

આ માટે સંબંધિત રેગ્યુલેશનો છે, હેલ્થ એન્ડ સેફ્ટી (ફર્સ્ટ એઈડ) રેગ્યુલેશન્સ 1981. રેગ્યુલેશનો માટેની આ માર્ગદર્શિકા 'ફર્સ્ટ એઈડર' (પ્રાથમિક સારવાર કરનાર વ્યક્તિ) અને 'અપોઈન્ટેડ પરસન' (નીમવામાં આવેલી વ્યક્તિ) વચ્ચેનો તફાવત જણાવે છે:

કોઈ એક કંપનીમાં, કેટલી સંખ્યામાં અને કેવા પ્રકારનાં ફર્સ્ટ એઈડ કર્મચારીઓ હોય તેનો આધાર મૂલ્યાંકન પર રહેશે. જરૂરતનું મૂલ્યાંકન કરવામાં, એમ્પ્લોયરોએ નીચેની બાબતોનો વિચાર કરવાની જરૂર છે:

- કામના સ્થળે રહેલા ખતરા અને જોખમો;
- સંસ્થાનું કદ;
- સંસ્થામાં થતા અકસ્માતોનો ઈતિહાસ;
- કામદારોનો પ્રકાર અને વહેંચણી;
- ઈમર્જન્સી મેડિકલ સેવાઓથી કામનું સ્થળ કેટલું દૂર છે;
- મુસાફરીની, દૂર રહીને અને એકલાં કામ કરતાં કામદારોની જરૂરતો;
- વહેંચીને વાપરવામાં આવતી કે એક કરતાં વધારે વ્યવસાયો દ્વારા વાપરવામાં આવતી જગ્યાઓ પર કામ કરતાં કામદારો;
- ફર્સ્ટ એઈડરો અને નીમવામાં આવેલાં લોકોની વાર્ષિક રજાઓ અને અન્ય ગેરહાજરીઓ.

રેગ્યુલેશનો કર્મચારીઓની નિશ્ચિત સંખ્યા જણાવતાં નથી, પરંતુ માર્ગદર્શિકા ફર્સ્ટ એઈડ કર્મચારીઓની સંખ્યા કેટલી હોવી જોઈએ તેનું સૂચન જરૂર કરે છે:

| **જોખમની શ્રેણી** | **કોઈ પણ સ્થળે કામ પર રાખવામાં આવેલાં લોકોની સંખ્યા** | **ફર્સ્ટ એઈડ કર્મચારીઓની સંખ્યાનું સૂચન** |
|---|---|---|
| ઓછું જોખમ, દા.ત. દુકાનો, ઓફિસો, લાઈબ્રેરીઓ. 50 કરતાં ઓછાં - ઓછામાં ઓછી એક નીમવામાં આવેલી વ્યક્તિ | 50 કરતાં ઓછાં | ઓછામાં ઓછી એક નીમવામાં આવેલી વ્યક્તિ |
| - | 50 - 100 | ઓછામાં ઓછા એક ફર્સ્ટ એઈડર |
| - | 100 કરતાં વધુ | દર 100 કામદારો દીઠ એક વધારાના ફર્સ્ટ એઈડર |
| મધ્યમ પ્રમાણમાં જોખમ, દા.ત હળવાં એન્જીનિયરીંગ અને એસેમ્બલીનાં કામો, ખોરાક પર પ્રક્રિયા, વેરહાઉસમાં કામો. 20 કરતાં ઓછાં - ઓછામાં ઓછી એક નીમવામાં આવેલી વ્યક્તિ | 20 કરતાં ઓછાં | ઓછામાં ઓછી એક નીમવામાં આવેલી વ્યક્તિ |
| - | 20-100 | દર 50 કામદારો દીઠ (અથવા તેના અમુક ભાગ દીઠ) ઓછામાં ઓછા એક ફર્સ્ટ એઈડર |
| - | 100 કરતાં વધુ | દરેક 100 કામદારો દીઠ એક વધારાના ફર્સ્ટ એઈડર |

| | | |
|---|---|---|
| ઘણું વધારે જોખમ, દા.ત. બાંધકામ, કતલખાનાં, રસાયણિક ઉત્પાદનો, ખતરનાક મશીનો કે તીવ્ર ઓજારો સાથે ઘણા મોટા પ્રમાણમાં કામ. પાંચ કરતાં ઓછાં. ઓછામાં ઓછી એક નીમવામાં આવેલી વ્યક્તિ | 5 કરતાં ઓછાં | ઓછામાં ઓછી એક નીમવામાં આવેલી વ્યક્તિ |
| - | 5-50 | ઓછામાં ઓછા એક ફર્સ્ટ એઈડર |
| - | 50 કરતાં વધારે | દર 50 કામદારો દીઠ એક વધારાના ફર્સ્ટ એઈડર |

ઉપરોક્ત વિગતો ફક્ત સૂચન કરવા પૂરતી જ છે - તે ચોક્કસ નથી અને તે કાનૂની જરૂરિયાત પણ નથી. તમારા પોતાના અંગત સંજોગોને ધ્યાનમાં રાખીને તમારે ત્યાં ફર્સ્ટ એઈડની કેટલી જરૂરત છે તેનું મૂલ્યાંકન તમારે પોતે કરવાનું રહેશે.

**સંબંધિત પ્રકાશનો**

- L74, First aid at work, (ISBN 0717610500 - એચ.એસ.ઈ. બુક્સ પાસેથી મળી શકે છે)
- First aid at work – મફત પત્રિકા